# પ્રકરણ ૨

# શું જીવન વીમા સમાવેશ થાય ?

પ્રશ્ન ૧. નીચેનામાંથી કયું જીવન વીમા વ્યવસાયનું પાસું નથી?

૧ . સંપતિ કે અસ્કયામત

૨ . જોખમ

3 . પરસ્પરીક્તાનો સિધ્ધાંત

૪ . <u>સહાય</u>

પ્રશ્ન ૨. મનુષ્યના જીવનનું મૂલ્ય (HLV)ની વિભાવના કોણે બનાવી હતી?

૧ . ડૉ. મારટિન લ્યુથર કિંગ

૨ . વોરેન બફેટ

3 . <u>પ્રોફેસર હુબેનેર</u>

૪ . જયોર્જ સોરોસ

પ્રશ્ન ૩. નીચે ઉલ્લેખિત કઈ વીમા યોજનાઓ ઓછામાં ઓછં કે શૂન્ય બચત ધરાવે છે?

૧ . <u>ટર્મ વીમા યોજના</u>

૨ . એન્ડોવમેન્ટ યોજના

3 . આજીવન જીવન યોજના

૪ . મની બેક પ્લાન

પ્રશ્ન ૪. નીચેનામાંથી કોને સંપત્તિ ન ગણી શકાય?

૧ . કાર

૨ . મનુષ્યનું જીવન

3 . <u>હવા</u>

૪ . ઘર

પ્રશ્ન ૫. નીચેનામાંથી કઈ સ્થિતિને જોખમ હેઠળ વગીકૃત ન કરી શકાય?

૧ . યુવાન વયે મૃત્યુ

૨ . બહુ નાની ઉંમરે મૃત્યુ

૩ . કુદરતી ઘસારો

૪ . વિકલાંગતા સાથે જીવવું

પ્રશ્ન ૬. નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

૧ . જીવન વીમા પોલીસીઓ ક્ષતિપૂર્તિનો કરાર છે, જયારે સાધારણ વીમા પોલીસીઓ બાયધારીના કરારો છે

૨ . જીવન વીમા પોલીસીઓ બાયધારીના કરારો છે, જયારે સાધારણ વીમા પોલીસીઓ ક્ષતિપૂર્તિનો કરાર છે.

૩ . સાધારણ વીમાના હિસ્સામાં જોખમકારક ઘટના સામે સંરક્ષણ નિશ્ચિત છે.

૪ . સાધારણ વીમાના હિસ્સામાં જોખમની નિશ્ચિતતા સમય સાથે વધે છે.

પ્રશ્ન ૭. નીચેનામાંથી કઈ પરંપરાગત પદ્ધતિ છે, જે વ્યક્તિની વીમાની જરૂરિયાત નક્કી કરવામાં મદદ કરી શકે?

૧ . મનુષ્યનું આર્થિક મૂલ્ય

૨ . જીવન ટર્મ પ્રસ્તાવના

૩ . મનુષ્યના જીવનનું મૂલ્ય

૪ . ભવિષ્યના જીવનનું મૂલ્ય

પ્રશ્ન ૮. વયોવૃદ્ધ લોકોની સરખામણીમાં યુવાન લોકોને જીવન વીમાનું પ્રીમીયમ ઓછું આવે છે તે હકીકત માટે સૌથી યોગ્ય કારણ નીચેનામાંથી કયું છે?

૧ . યુવાન લોકો મોટા ભાગે નિર્ભર હોય છે.

૨ . વૃદ્ધ લોકો વધુ ચુકવણી કરી શકે છે.

૩ . મૃત્યુદરનો સંબધ ઉંમર સાથે છે.

૪ . મૃત્યુદર ઉંમર સાથે વ્યસ્થ સંબધ ધરાવે છે.

પ્રશ્ન ૯. નીચેનામાંથી કયો ફાયદો રોકડ મૂલ્ય વીમા કરારોનો નથી?

૧ . સુરક્ષિત અને સલામત રોકાણ

૨ . બચતની શિસ્ત કેળવે છે

૩ . નીચું વળતર

૪ . આવકવેરાનો ફાયદો

પ્રશ્ન ૧૦. રોકડ મૂલ્ય વીમા કરારોનો ફાયદો નીચેનામાંથી કયો છે?

૧ . વળતર ફુગાવાની અસરને આધિન છે.

૨ . શરૂઆતના વર્ષોમાં ઓછો સંચય.

૩ . નીચું વળતર.

૪ . સુરક્ષિત રોકાણ.

પ્રશ્ન ૧૧. નાણાકીય બજારોમાં વૈવીધ્યાકારણથી જોખમમાં કેવી રીતે ઘટાડો કરી શકાય છે?

૧ . એકથી વધુ સ્ત્રોતમાંથી ભાદ્ન્ડોળ એકત્ર કરવું અને એક સ્થળે તેનું રોકાણ કરવું.

૨ . વિવિધ પ્રકારની સંપતિમાં રોકાણ કરવું.

૩. વિવિધ રોકાણો વચ્ચે સમયનો તફાવત જાળવવો.

૪. સુરક્ષિત અસ્કયામતોમાં રોકાણ કરવું.